"Donate Life"
Opp. IDBI Bank,
Near Kasanagar, Katargam,
Surat-395 004. Gujarat, India.
Email : info@donatelife.org.in
Web : www.donatelife.org.in
Registration No. E-7652 Dt. 04-12-2014

DONATE LIFE™
an initiative for organ donation

રેફ નં.                                                                 તા: ૧૫/૦૭/૨૦૧૭

તંત્રી શ્રી, ______________________                                       સુરત

જાત નીચેની પ્રેસ નોટ આપના દૈનિકમાં પ્રસિધ્ધ કરી આભારી કરશોજી.

લિ.

આપનો વિશ્વાસુ,

નીલેશ વિ. માંડલેવાળા, પ્રમુખ

---

**બિહારના મૈથીલ બ્રાહ્મણ સમાજના બ્રેનડેડ કિષ્ણાનંદ રાય ના પરિવારે**

**કિડની અને લિવરના દાનથી માનવતા મહેંકાવી સમાજને નવી દિશા બતાવી.**

**સિક્યુરિટી ગાર્ડ તરીકે ફરજ બજાવતા કિષ્ણાનંદ રાયે**

**ત્રણ વ્યક્તિઓને નવું જીવન આપ્યું.**

નામ: કિષ્ણાનંદ રાય ઉ. વ.૪૭ બ્લડ ગ્રુપ: B +ve

વ્યવસાય: પાંડેસરામાં આવેલ મીરા ડાઈંગમાં (અંબાજી સિન્થેટિક) સિક્યોરિટી ગાર્ડ તરીકે કામ કરતા હતા.

રહેવાસી: ગામ: મારૂતિ કોમ્પલેક્ષ, રૂમ નં. જી. બી.૨, અરીહંત પાર્ક, કડોદરા, પલસાણા, સુરત

મૂળ રહેવાસી: ગામ: માહવા, જી: દરભંગા, રાજ્ય: બિહાર

કૌટુંબિક વિગત: પત્ની: પ્રેમસાગરદેવી કિષ્ણાનંદ રાય ઉ. વ. ૪૪

પુત્રો: ૧. દેવકીનંદન કિષ્ણાનંદ રાય ઉ.વ. ૨૩
રીંગરોડ ઉપર આવેલ ન્યુ ટેક્ષટાઈલ માર્કેટમાં અશોકા ફેશનમાં સેલ્સમેન તરીકે ફરજ બજાવે છે.

૨.જીતેન્દ્રકુમાર કિષ્ણાનંદ રાય ઉ.વ. ૧૯
રીંગરોડ ઉપર આવેલ રાધા કિષ્ણા ટેક્ષટાઈલ માર્કેટમાં સીમા સિલ્ક મિલ્સમાં ફરજ બજાવે છે.

પુત્રીઓ: ૧. પૂજા ઝા ઉ. વ. ૨૮
૨. કાજલ રાય ઉ.વ. ૨૧
૩. અલકા કુમારી ઉ.વ. ૧૮

૨...

**Nilesh Mandlewala**
President
+91 98256 09922

**Sandeep Kumar, IRS**
Vice President
+91 81307 81031

**Rakesh Jain**
Hon. Secretary
+91 98241 10349

**Ramesh Malpani**
Hon. Treasurer
+91 98253 21626

**Donation Exempted U/s. 80G(5) of I.T. Act 1961**

"Donate Life"
Opp. IDBI Bank,
Near Kasanagar, Katargam,
Surat-395 004. Gujarat, India.
Email : info@donatelife.org.in
Web : www.donatelife.org.in
Registration No. E-7552 Dt. 04-12-2014

DONATE LIFE™
an initiative for organ donation



બનાવની વિગત:

શુક્રવાર, તા: ૭ જુલાઈ ૨૦૧૭ ના રોજ કિષ્ણાનંદ પાંડેસરામાં આવેલ મીરાં ડાઈંગમાં (અંબાજી સિન્થેટિક્સ) સિક્યુરિટી ગાર્ડ તરીકેની ફરજ બજાવી રહયા હતા, ત્યારે સવારે ૧૦:૦૦ કલાકે ખુરશી ઉપરથી નીચે પડી ગયા હતા અને બેહોશ થઇ ગયા હતા. તેથી તેમને તાત્કાલિક ૧૦૮ એમ્બ્યુલન્સમાં નવી સિવિલ હોસ્પીટલમાં આસિસ્ટન્ટ પ્રો. ડૉ. જીગ્નેશ પટેલ અને એસોસિએટ પ્રો. ડૉ. સંદીપ કંસલની સારવાર હેઠળ દાખલ કરવામાં આવ્યાં. નિદાન માટે CT સ્કેન કરાવતાં બ્રેન હેમરેજ હોવાનું નિદાન થયું હતું.

શુક્રવાર, તા: ૧૪ જુલાઈના રોજ ન્યુરોસર્જન ડૉ. મેહુલ મોદી અને ન્યુરોફીજીશ્યન ડૉ. પરેશ ઝાંઝમેરાએ કિષ્ણાનંદ ને બ્રેનડેડ જાહેર કર્યા.

સર્જરી વિભાગના ડૉ. નિલેશ કાછડિયાએ ડોનેટ લાઈફના પ્રમુખ નીલેશ માંડલેવાલાનો ટેલીફોનીક સંપર્ક કરી કિષ્ણાનંદ ના બ્રેનડેડ અંગેની માહિતી આપી હતી.

ડોનેટ લાઈફની ટીમે હોસ્પિટલ પહોંચી કિષ્ણાનંદના પુત્રો દેવકીનંદન અને જીતેન્દ્રકુમાર, ભાઈ અરવિંદકુમાર, પંકજ રાય તેમજ પરિવારના અન્ય સભ્યોને ઓર્ગન ડોનેશનની જાણકારી આપી ઓર્ગન ડોનેશનનું મહત્વ સમજાવ્યું.

પરિવારના સૌ સભ્યોએ જણાવ્યું કે અમારું સ્વજન બ્રેનડેડ છે અને તેનું શરીર બળીને રાખ થઇ જાય તેના કરતા તેઓના અંગોના દાન થકી ઓર્ગન નિષ્ફળતાના દર્દીઓને નવજીવન મળતું હોય તો અંગદાન માટે આપ આગળ વધો.

પરિવારજનો તરફથી અંગદાનની સંમતિ મળતા નીલેશ માંડલેવાલાએ અમદાવાદની Institute of Kidney Diseases and Research Centre (IKDRC)ના ટ્રાન્સપ્લાન્ટ કૉ.ઓર્ડીનેટર પ્રિયાબેન શાહ અને ડૉ. પ્રાંજલ મોદીનો સંપર્ક કરી અને કિડની તથા લિવરનું દાન લેવા આવવા માટે જણાવ્યું.

અમદાવાદની Institute of Kidney Diseases and Research Centre (IKDRC)ના ડૉ. સુરેશ કુમાર અને તેમની ટીમે આવી કિડની અને લિવરનું દાન સ્વીકાર્યું.

3...

# "Donate Life"

Opp. IDBI Bank,
Near Kasanagar, Katargam,
Surat-395 004. Gujarat, India.
Email : info@donatelife.org.in
Web : www.donatelife.org.in
Registration No. E-7652 Dt. 04-12-2014


DONATE LIFE™
an initiative for organ donation



દાનમાં મેળવવામાં આવેલી એક કિડની નવસારીના રહેવાસી હિતેન્દ્ર ધનજીભાઈ અરવાડિયા ઉ.વ. ૩૯માં અને બીજી કિડની રાજકોટની અમીષા રાજેશભાઈ ઝુનાડીયા ઉ. વ. ૩૦માં ટ્રાન્સપ્લાન્ટ કરવામાં આવી છે. જ્યારે લિવર મહેસાણાના રહેવાસી ચિરાગ દિનેશભાઈ પટેલ ઉ. વ. ૨૨માં ટ્રાન્સપ્લાન્ટ કરવામાં આવ્યું છે.

આ કિડની અને લિવરનું ટ્રાન્સપ્લાન્ટ અમદાવાદની Institute of Kidney Diseases and Research Centre (IKDRC) ખાતે ડૉ. પ્રાંજલ મોદી, ડૉ. જમાલ રીઝવી અને તેમની ટીમ દ્વારા કરવામાં આવ્યું છે.

અંગદાન મેળવવાની આ સમગ્ર પ્રક્રિયામાં કિષ્ણાનંદના પત્ની પ્રેમસાગરદેવી, પુત્રો દેવકીનંદન અને જીતેન્દ્રકુમાર, ભાઈ અરવિંદ કુમાર, પંકજકુમાર તથા પરિવારના અન્ય સભ્યો, ન્યુરોસર્જન ડો. મેહુલ મોદી, ન્યુરોફીજીશ્યન ડો. પરેશ ઝાંઝમેરા, આસિસ્ટન્ટ પ્રો. ડૉ. જીગ્નેશ પટેલ, એસોસિએટ પ્રો. ડૉ. સંદીપ કંસલ, સર્જરી વિભાગના ડો. નિલેશ કાછડીયા, ડો. શ્વેતલ સોનવણે, સુરત નવી સિવિલ હોસ્પીટલનો સ્ટાફ, ડોનેટ લાઈફના પ્રમુખ નીલેશ માંડલેવાલા, મંત્રી શ્રી રાકેશ જૈન, ટ્રસ્ટી હેમંત દેસાઈ, નિમિત પટેલ, સુભાષ જેધાણી, અને યોગેશ પ્રજાપતિનો સહકાર સાંપડયો હતો.

સુરત અને દક્ષિણ ગુજરાતમાંથી બ્રેનડેડ વ્યક્તિઓના પરિવારજનો સાથે સમજણ કેળવી નીલેશ માંડલેવાલા અને ડોનેટ લાઈફ દ્વારા ૨૧૩ કિડની, ૮૪ લીવર, ૬ પેન્ક્રીઆસ, ૧૨ હૃદય અને ૧૮૦ ચક્ષુઓનો દાન મેળવીને ૪૯૨ વ્યક્તિઓને નવજીવન અને નવી રોશની બક્ષવામાં સફળતા મેળવી છે.